ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/071 Dt. 26/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સે પરમવીર ચક્ર વિજેતા, કારગિલ યુદ્ધના હીરો સુબેદાર શ્રી યોગેન્દ્ર સિંહ યાદવ સાથે સંવાદ કાર્યક્રમ યોજી કારગિલ વિજય દિવસની ઉજવણી કરી

## કારગિલ યુદ્ધ વખતે ટાઇગર હિલ પર ૧૩,૦૦૦ થી ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઈ અને માઈનસ ૧૬ ડિગ્રીમાં ૧૫૦ દુશ્મનો સામે અમે ૭ લોકો ૫ કલાક સુધી લડ્યાઃ કારગિલ યુદ્ધના હીરો સુબેદાર શ્રી યોગેન્દ્ર સિંહ યાદવ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરુવારે, તા. ૨૪ જુલાઈ ૨૦૨૫ ના રોજ બપોરે ૦૨:૩૦ કલાકે, રંગ ભવન, જીવનભારતી સ્કૂલ, નાનપુરા, સુરત ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં પરમવીર ચક્ર વિજેતા, ઈન્ડિયન આર્મી ઓફિસર, મોટિવેશનલ સ્પીકર તેમજ કારગિલ યુદ્ધના હીરો સુબેદાર શ્રી યોગેન્દ્ર સિંહ યાદવે શહેરીજનોને કારગિલ યુદ્ધના પ્રસંગો અને તેમના કાર્યો વિશે માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ‘કારગિલનો વિજય એ શૌર્યપૂર્ણ અને લડવા માટે લલકારતા દુશ્મનો સામેનો હતો. ભારતે પહેલાથી જ કોઈ ભારતને છંછેડશે અથવા લડવા માટે પડકાર આપશે તો તેને ભારત છોડશે નહીં તેવું બતાવ્યું છે. વિજય હંમેશા જ મુશ્કેલભર્યો હોય છે અને અનેક પડકારોનો સામનો કરીને સૈનિકો દેશના વિકાસ, વિજય અને દેશવાસીઓના વિશ્વાસ માટે લડતા હોય છે. આપણે માત્ર કારગિલના યુદ્ધમાં જ નહીં, પણ દેશની સેવામાં પોતાના જીવનું બલિદાન આપનાર દરેક સૈનિકના શૌર્યને ક્યારેય ભૂલી શકીશું નહી.’

સુબેદાર શ્રી યોગેન્દ્ર સિંહ યાદવે જણાવ્યું હતું કે, 'દેશના સામાન્ય નાગરિકો અને દેશના સૈનિકોમાં વિચારોનો મોટો તફાવત હોય છે. દેશના નાગરિકો જ્યારે કોઈપણ જીતને મોટી પાર્ટી સાથે ઉજવે છે, ત્યારે સૈનિકો જીત્યા પછી બીજા ટાર્ગેટ પર કાર્ય કરવાનું શરૂ કરે છે. જીવનમાં 4P(પર્પઝ, પેશન, પરફોર્મન્સ અને પોઝિટીવ) મહત્વના છે. આ 4P વ્યક્તિને શિસ્ત અને વચનબધ્ધતા શીખવાડશે. તેમણે વચનબધ્ધતાનું ઉદાહરણ આપતા ભીષ્મ પિતામહનો ઉલ્લેખ કર્યો હતો. સૈન્યની ટ્રેનિંગ આગની ભટ્ટીની જેમ હોય છે, જે તમને સંપૂર્ણપણે બાળતી નથી પરંતુ ઓગળાવીને આકાર આપી દે છે તેમ તેમણે જણાવ્યું હતું.'

'મેં લોકોને કહેતા સાંભળ્યું છે કે, જવાનો તો શહીદ થવા માટે જ જન્મ્યા છે. પરંતુ હું માનું છું કે, સૈનિકો માત્ર દુશ્મનોને મારવા માટે જ જન્મ્યા છે. ફૌજી રાષ્ટ્રનો વિશ્વાસ અને ભરોસો હોય છે. જ્યારે બાળકો કહાનીઓ સાંભળે છે, ત્યારે તેમાંથી તેઓ પોતાનો આદર્શ પસંદ કરે છે. કારગિલ યુધ્ધ વખતે ટાઈગર હિલ પર ૧૩,૦૦૦ થી ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઈ અને માઈનસ ૧૬ ડિગ્રીમાં ૧૫૦ દુશ્મનો સામે અમે ૭ લોકો ૫ કલાક સુધી લડ્યા હતા. એ સમયે થયેલા યુદ્ધમાં મારા સાથી એક પછી એક શહીદ થઈ ગયા. તેવા સંજોગોમાં મારા હાથ અને પગમાં ગોળી વાગી પણ મેં અવાજ કર્યો નહતો. કારણ કે, નીચે જઈને મને મારા સાથીઓને મેસેજ આપવાનો હતો. દુશ્મનોને એવું લાગ્યું કે હું મરી ગયો છું. તે સમયે તેઓએ જતી વખતે મારી છાતીમાં ગોળી મારી હતી. સદનસીબે મારા પોકેટમાં એક સિક્કો હતો અને ગોળી સિક્કાને વાગી અને હું જીવિત બચી ગયો. મારા તુટેલા હાથના હાડકા દેખાતા હતા તેને પાછળના ભાગે બાંધીને ધીમે-ધીમે નીચે ઉતર્યો અને અંતે ૫૦૦ મીટર શરીરને રોલ કરીને નીચે ગયો અને પછી મારા સાથીઓ ઉપર ગયા અને તેઓએ ત્યાં જઈને ભારતને જીત અપાવી હતી.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'દ્રાસ સેકટરમાં ૨૨ દિવસ સુધી યુધ્ધ ચાલ્યું હતું અને તે દરમિયાન બે ઓફિસર, બે જુનિયર અને ૨૧ જવાનોએ શહાદત આપી ત્યારે ૨૬ જુલાઈ ૧૯૯૯ ના દિવસે વિજય પ્રાપ્ત થયો હતો.'

ચેમ્બર ઓફ કોમર્સના ઈન્ચાર્જ માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, જીવન ભારતી મંડળના ચેરમેન શ્રી ભાનુકુમાર શાહ, સ્કોપાના ચેરમેન શ્રી કેતન દેસાઈ તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો અને વિધાર્થીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતીષ મોદીએ કાર્યક્રમનું સમગ્ર સંચાલન કર્યું હતું. જીવન ભારતી મંડળના પ્રમુખ શ્રી ભરત શાહે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિકે કાર્યક્રમની રૂપરેખા આપી હતી, જ્યારે જીવન ભારતી મંડળના માનદ્ મંત્રી શ્રી મયંક ત્રિવેદીએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.